Vibrant GUJARAT 2015
The Global Business Hub / Global Summit

# ગુજરાત માહિતી બ્યુરો
## ગુજરાત સરકાર, અમદાવાદ

**૧૧ જાન્યુઆરી, ૨૦૧૫** **સ...સં...૩૧**

<u>ભારતીય સિંધુ સભા દ્વારા વાર્ષિક કાર્યક્રમ યોજાયો</u>

## ભારત વિવિધતામાં એકતા ધરાવતો અલગ-અલગ રંગનો ગુલદસ્તો છે જેમાનું એક સુંદર ફુલ સિંધી સમાજ છે - રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલી

................

અમદાવાદઃ રવિવાર : રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું છે કે ભારત વિવિધતામાં એકતા ધરાવતો અલગ-અલગ રંગનો ગુલદસ્તો છે જેમાંનું એક સુંદર ફુલ સિંધી સમાજ છે.

ભારતીય સિંધુ સભા, ગુજરાત દ્વારા ટાગોર હોલ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય ચટાભેટી નામક વાર્ષિક કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે વંદે-માતરમ-૨૦૧૫ના થીમ પર આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકોએ સિંધી સમાજની જે સભ્યતા અને સંસ્કૃતિનું દર્શન કરાવ્યું તે ભારતમાં વિવિધતામાં એકતા છે તેનું દર્શન કરાવે છે.

રાજ્યપાલશ્રીએ વધુમાં ઉમેર્યું કે, ભારતની સભ્યતાનો ઉદય સિંધુ સભ્યતામાંથી થયો છે અને સિંધીમાંથી સિંધુ અને સિંધુમાંથી હિન્દુ અને હિન્દુમાંથી આપણું મહાન હિન્દુસ્તાન રાષ્ટ્ર બન્યું છે.

રાજ્યપાલશ્રીએ વિજેતા બાળકોને ઇનામ અને શીલ્ડથી નવાજ્યાં હતાં અને વિવિધતામાં એકતાની પ્રસ્તુતિ દ્વારા ભારતની એકતા પ્રસ્તુત કરી તે માટે અભિનંદન આપ્યાં હતા.

ગુજરાત પ્રાંતના સિંધી સભાનાં પ્રમુખશ્રીએ સૌને આવકારી ગુજરાત પ્રાંતની સિંધી સભાએ વર્ષભેર કરેલ કાર્યોની રૂપરેખા આપી હતી.

રાજ્યપાલશ્રીએ ભારતીય સિંધુ સભા-ગુજરાત નામનાં સોવેનિયરનું વિમોચન પણ કર્યું હતું.

વાર્ષિક સંમેલનનાં આ અવસરે ધારાસભ્યશ્રી નિર્મલાબેન વાધવાણી, સિંધી સમાજનાં અગ્રણીઓ તથા સિંધી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત ર ાાં હતા.

**સુનિલ પટેલ /કૌશિક મહેતા /** .............

...............